લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા આયોજિત
અને
ઓપિનિયન દ્વારા પુરસ્કૃત

શ્રી મનુભાઈ પંચોળી
'દર્શક' વ્યાખ્યાનમાળા મણકો ત્રીજો

# નિમંત્રણ

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા આયોજિત અને ઓપિનિયન દ્વારા પુરસ્કૃત

## શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા

તારીખ : ૧૫-૧૦-૨૦૧૮, સોમવાર
સમય : સવારે ૧૦-૩૦ કલાકે
સ્થળ : કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર.

નિમંત્રક :
**'દર્શક' ઓપિનિયન વ્યાખ્યાનમાળા વ્યવસ્થાપક સમિતિ**

સૌજન્ય :
**કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર.**

ખાસ નોંધ :

- આપના આવવાની અનુકૂળતા અવશ્ય જણાવવા વિનંતી.
- આપ આવી ન શકો તો, આ અવસર અંગે સંદેશો મોકલવા વિનંતી.
- કાર્યક્રમ પૂરો થયા પછી ભોજન સાથે લઈશું.


**સંપર્ક :**

- શ્રી હસમુખ દેવમુરારિ,
  લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર.
  સંપર્ક : ૯૪૨૮૫૨૨૧૫૮
  : ૦૨૮૪૬-૨૮૩૫૨૮/૨૮૩૨૩૨
  E mail : lokbharti@lokbharti.org
  hdevmurari@gmail.com
- શ્રી પ્રફુલ્લભાઈ દવે : ૯૮૧૪૪૫૨૮૪૦
- શ્રી કરશનભાઈ ડાંગર : ૯૮૨૪૦૧૦૭૭૦
  કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર.


પ્રતિ,
શ્રી ______________________________

સવિનય, યુ.કે.થી પ્રસારિત થતાં સામયિક 'ઓપિનિયન'ની પહેલથી 'દર્શક'ના વિદેશમાં વસતાં ચાહકોએ
એકઠી કરેલી નિધિના વ્યાજમાંથી શરૂ કરેલ
'દર્શક વ્યાખ્યાનમાળા'ના આયોજનનું આ ત્રીજું વર્ષ છે.
ભારતીય વિદ્યાભવનના સંશોધન અને વિકાસ સલાહકાર, જે.પી.આંદોલનના સૈનિક અને
વ્યુત્પન્ન કટારચી માનનીય શ્રી રમેશભાઈ ઓઝા

## 'ગાંધી એકસો પચાસ : નવયુગી રાષ્ટ્રવિમર્શ'

વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આપને અમારું ભાવભીનું નિમંત્રણ છે.

તારીખ : ૧૫-૧૦-૨૦૧૮, સોમવાર
સમય : સવારે ૧૦-૩૦
સ્થળ : કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર.

**નિમંત્રક**

| | | |
|---|---|---|
| અરુણ દવે | વિપુલ કલ્યાણી | પ્રકાશ ન. શાહ |
| પ્રફુલ્લ દવે | સંજય શ્રીપાદ ભાવે | હસમુખ દેવમુરારિ |

'દર્શક' ઓપિનિયન વ્યાખ્યાનમાળા વ્યવસ્થાપક સમિતિ

# નિમંત્રણ

## શ્રી રમેશભાઈ ઓઝા : ઊંડી સમજણ, સીધી વાત

કર્મશીલ, પત્રકાર, કટારલેખક, વ્યવસ્થાપક – આ તમામ ઓળખો રમેશ ઓઝાની પ્રવૃત્તિ માટે વાપરી તો શકાય, પણ એ ચારેય શબ્દો હવે એટલા સસ્તા બની ગયા છે કે રમેશભાઈની પ્રતિભાનો પૂરો ખ્યાલ મેળવવા માટે તે અપૂરતા લાગે.

રમેશભાઈ મુંબઈના. મૂળે જયપ્રકાશ આંદોલનના જીવ. એ ધક્કે પત્રકારત્વમાં જોડાયા.

'સમકાલીન'(મુંબઈ)માં દૈનિક પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું. કેટલાક પત્રકાર મિત્રો સાથે મળીને 'સંવાદ ફીચર સર્વિસ' શરૂ કરી. આ બધો સમય ગાંધીજીના અભ્યાસ તેમ જ બૃહદ ગાંધી બિરાદરીની કામગીરી સાથે રમેશભાઈનો નાતો સતત જીવંત હતો. ગાંધીવિચારની દસે દિશાઓ અને તેની જમીની કામગીરી આ બંને ક્ષેત્રે એકસરખી સજ્જતા ધરાવતા લોકો ઓછા હોય છે. એવા નામની ટૂંકી યાદીમાં રમેશભાઈને સહેલાઈથી મૂકી શકાય.

થોડાં વર્ષથી ગુજરાતી 'મિડ ડે'(મુંબઈ)માં ચાલતી દૈનિક કટાર, સોશ્યલ મીડિયાના પ્રતાપે મુંબઈ બહારના ઘણા ગુજરાતીઓ માટે પણ અનિવાર્ય વિચારભાથું બની રહી છે. આ કોલમ થકી તેઓ સાંપ્રત ઘટનાઓને આગળપાછળના સંદર્ભો સાથે મૂલવીને સીધું, સ્પષ્ટ, ચોટદાર અને મર્મવેધક વિશ્લેષણ આપે છે. અભ્યાસ,ઊંડાણ, ધાર અને સરળતાનું આવું સંયોજન વર્તમાન રાજકીય લખાણોમાં દુર્લભ છે. આ લખાણોએ કટારલેખક તરીકે રમેશભાઈની જુદી ઓળખ તો ઊભી કરી છે,ઉપરાંત વસમા સમયમાં હૈયાધારણની સાથોસાથ આશાનો ઉજાસ પણ પૂરો પાડ્યો છે.

ગાંધીજીની દોઢસોમી જન્મશતાબ્દી નિમિત્તે ગાંધીમૂલ્યોને સંકોરવા ને સંવર્ધિત કરવા માટે રચાયેલા 'સેવાગ્રામ કલેક્ટિવ'નાં કેટલાંક ધરીરૂપ વ્યક્તિત્વોમાં ચોસઠ વર્ષના રમેશભાઈ પણ છે. 'લોગોંકા ગાંધી લોગોં કે પાસ' એવા સૂત્ર સાથેના આ અનૌપચારિક સંગઠન દ્વારા બીજા સાથીદારો સાથે મળીને તેઓ વિવિધ ગાંધીમૂલ્યો વિશે વ્યાપક સામેલગીરી અને જાગૃતિનું કામ કરી રહ્યા છે. ભારતીય વિદ્યાભવન(મુંબઈ)માં સંશોધન અને વિકાસ સલાહકાર તરીકે કાર્યરત રમેશભાઈ ભૌગોલિક રીતે ગુજરાતની બહાર હોવા છતાં, તેમનાં લખાણને કારણે ગુજરાતના જાહેર જીવનની અને પ્રવૃત્તિઓને કારણે દેશના જાહેર જીવનની કિંમતી જણસ છે.